# ધોળેશ્વર મહાદેવમાંથી સાડા ચાર લાખના આભૂષણોની ચોરી

## મંદિર પરિસરમાં ઘુસીને તસ્કરો દેવી-દેવતાઓને ચઢાવેલા ૧૫ કિલોથી વધુ વજનના ચાંદીના આભૂષણો તથા ગૌશાળા માટે રાખવામાં આવેલ દાન પેટીમાંથી રોકડ દાન ચોરી ગયા : પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીક રાંદેસણ ગામની સીમમાં સાબરમતી નદીના કિનારે આવેલા ધોળેશ્વર મહાદેવના મંદિરે રાત્રી દરમિયાન તસ્કરો ત્રાટકયા હતા. મંદિરના સ્ટોર રૂમના દરવાજાનો નકૂચો તોડી અંદર ઘૂસી તસ્કરો મંદિર પરિસરમાં જઈને દેવી-દેવતાઓને ચઢાવેલા ૧૫ કિલોથી વધુ વજનના અલગ-અલગ ચાંદીના આભૂષણો તથા મંદિર પરિસરની બહાર ગૌશાળા માટે મુકેલી દાનપેટીમાં આવેલું રોકડ દાન ચોરી કરીને તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. સાડા ચાર લાખથી વધુ કિંમતની માલમત્તાની ચોરી મામલે મંદિરના ટ્રસ્ટીએ ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ગુનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે.

રાંદેસણ ગામમાં રહેતા રાજેન્દ્રસિંહ રતુજી વાઘેલા ધોળેશ્વર મહાદેવ મંદિરમાં ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. ટ્રસ્ટી રાજેન્દ્રસિંહે આપેલી પોલીસ ફરિયાદ મુજબ ધોળેશ્વર મહાદેવ મંદિરના મુખ્ય મહંત તરીકે સેવા આપતા શ્રી રામસ્વરૂપ પુરી મહારાજ એક અઠવાડિયાથી હરદ્વાર ગયેલા છે. મંદિરની સેવા પૂજા કરવા માટે શ્રી વિષ્ણુ પુરી મહારાજ અને અનંત ચૈતન્ય પુરી મહારાજ છે તેમજ મંદિર તથા અન્ય રૂમની દેખરેખ રાખવા માટે અન્ય ચાર માણસો રાખવામાં આવેલા છે. ગઈકાલે વહેલી સવારે ટ્રસ્ટીના કાકાના દીકરા અજીતસિંહ વાઘેલાનો ફોન ટ્રસ્ટી રાજેન્દ્રસિંહ પર આવ્યો હતો કે આપણા ધોળેશ્વર મહાદેવ મંદિરમાં આવેલા સ્ટોર રૂમના દરવાજાનો નકૂચો તોડી કોઈએ અંદર રાખેલી તિજોરી તોડી નાખી છે અને તિજોરીમાંથી મંદિર પરિસરના દેવી-દેવતાઓના ચાંદીના આભૂષણોની ચોરી કરી છે. આ સમાચાર સાંભળીને ટ્રસ્ટી તરત મંદિરે પહોંચી ગયા હતા અને મંદિરમાં સેવા પૂજા કરતા મહારાજે તમે જણાવ્યું હતું કે તેઓ રાત્રે દસેક વાગે સૂઈ ગયા હતા અને સવારે ૪ વાગ્યે ઉઠ્યા ત્યારે જોયું તો સ્ટોરરૂમના નકુચા તૂટેલા હતા અને મંદિરના આભૂષણો તથા દાનપેટી પણ ગાયબ હતી. રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરો મંદિરમાં ઘુસીને અંદરથી સાડા ચાર લાખ રૂપિયાની કિંમતના ચાંદીના આભૂષણો તથા ગૌશાળાની દાનપેટી ના રોકડ દાન મળી કુલ રૂપિયા ૪,૫૮,૫૦૦ ની કિંમતની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા છે. આ મામલે ટ્રસ્ટીએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આસપાસમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી આરોપીઓ સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

### મંદિરમાંથી ચોરાયેલ આભૂષણ

- ત્રણ કિલો વજનનુ ચાંદીનુ ત્રિશૂળ
- ૭૦૦ ગ્રામ વજનની ચાંદીની આરતી
- સવા ચાર કિલો વજનની ચાંદીની પાણીની જલધારી
- ૭૦૦ ગ્રામ વજનની ચાંદીની આચમની, તરભાણી તથા ચમચી
- ૧ કિલો વજનની ચાંદીની પાવડી
- ૪૦૦ ગ્રામ વજનના માતાજીના ચાંદીના તોરણ
- ૨૦૦ ગ્રામ વજનનો ચાંદીનો મુગટ
- ૫૦૦ ગ્રામ વજનનો ચાંદીનો કમરબંધ
- બે કિલો વજનનો ચાંદીનો નાગ
- ૧ કિલો વજનનો ચાંદીનો પાટલો
- ૭૦૦ ગ્રામ વજનના ૭ નંગ ચાંદીના ગ્લાસ
- ૭૦૦ ગ્રામ વજનની ચાંદીની એક થાળી અને એક લોટો
- ગૌશાળા માટે રાખવામાં આવેલી દાનપેટીમાં આવેલુ અંદાજે રૂ.૪૦૦૦નુ દાન

### સીસીટીવી ફુટેજમાં ચડ્ડી-બનિયાનધારી ટોળકી કેદ

ધોળેશ્વર મહાદેવ મંદિરમાં થયેલી ચોરી મામલે પોલીસે તપાસ શરૂ કરી મંદિર અને આસપાસના વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવ્યા છે. પોલીસે મેળવેલા સીસીટીવી ફૂટેજમાં ચડ્ડીધારી ટોળકી દેખાઈ રહી છે. ટોળકીના ચારેક સભ્યો કેમેરામાં કેદ થયેલા જોવા મળે છે. પોલીસે ફૂટેજ કબજે લઈ ચડ્ડી બનિયાનધારી ટોળકી સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રાંધેજા ખાતે આજે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામાન્ય ચૂંટણી જંગ ખેલાશે

## ખેડૂત મત વિભાગમાં પ્રગતિ અને સદ્ભાવ પેનલના ૮ બેઠક માટે ૧૬ ઉમેદવારો આમને-સામને પ્રતિષ્ઠાભર્યો જંગ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકાના રાંધેજા ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ખેડૂત મત વિભાગની ૮ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી તા. ૧-૧૧-૨૦૧૮ના ગુરૂવારના રોજ સવારે ૯ થી ૫ વાગ્યા સુધી યોજાશે. જેમાં રાંધેજા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં નોંધાયેલ સહકારી મંડળીના વ્યવસ્થાપક કમિટીના સભ્યો મતદાનમાં ભાગ લઈને ખેડૂત મત વિભાગની ૮ બેઠકો માટે બે પેનલોના ઉમેદવારો અનુક્રમે પ્રગતિ પેનલના ઠાકોર લાલસિંહ બી., પટેલ કિશોરભાઈ આર., પટેલ જયમીન જે., પટેલ નીતિન એસ., પટેલ રમણભાઈ બી., પટેલ રસિકલાલ એમ., પટેલ સુરેશભાઈ વી., રાણા યુવરાજસિંહ જે. તથા સદ્ભાવ પેનલમાં ઠાકોર બળદેવજી એમ., પટેલ અતુલભાઈ એમ., પટેલ અશોકભાઈ એચ. (વકીલ), પટેલ ઈન્દ્રવદનભાઈ કે., પટેલ કનુભાઈ એમ., પટેલ રામચંદ્રભાઈ જી., પટેલ હસમુખભાઈ કે. (વકીલ), વાઘેલા અનિલસિંહ એમ. વગેરે સહકારી આગેવાનોએ ચૂંટણીમાં ઝંપલાવ્યુ છે. બંને પેનલોના ઉમેદવારો દ્વારા પ્રતિષ્ઠાભર્યા જંગ જીતવા માટે મતદારોને રીઝવવા ડોર ટુ ડોર પ્રચાર સંપર્ક દ્વારા સમર્થન મેળવવા પ્રયાસો હાથ ધર્યા છે. આમ ચૂંટણી જંગમાં ઉમેદવારોના સમર્થકો સાથે સામાન્ય ચૂંટણી જીતવા દાવા-પ્રતિદાવા કરી ચૂંટણીનો માહોલ સર્જાયો હતો. આ બંને પેનલના ઉમેદવારો અલગ અલગ પ્રતિકના આધારે ચૂંટણી લડી રહ્યા છે.

### સે-૩ ન્યું ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત નાટક

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે તાજેતરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત હ્યુતમ થીયેટર (એનજીઓ) કોર્પોરેશન ઉપક્રમે ૩૦ મીનીટનું નાટક ભજવાયું હતું. શહેરમાં ઠેરઠેર ગંદકીને પગલે તાવ, મેલેરીયા, ડેન્ગ્યુના વાવડ શરુ છે. સેકટરમાં સ્વચ્છતા આ માટે સફાઈ જરુરી છે. નાગરીકો પાસે સમય અને રૂપીયા પણ છે. સમયનો સદઉપયોગ સ્વચ્છતા પાછળ ઘણો જ ઓછો વપરાય છે. સમયનો થોડોક વધુ ઉપયોગ સ્વચ્છતા પાછળ વપરાય તો તાવ સહિત અન્ય બીજા રોગ દુરથી ભાગી જાય. બસ આપનો થોડો સમય વધુ સ્વચ્છતા અભિયાનના પાછળ વાપરશો તો મોટાભાગનો પ્રોબ્લેમ દુર થઈ જશે.





સરદાર પટેલ જન્મ જયંતિ નિમિત્તે રન ફોર યુનિટી કાર્યક્રમમાં ૬૦ વર્ષથી ઉપરના વિ કેર ફાઉન્ડેશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તેમણે સરદાર સાહેબની પ્રતિમા ઉપર પુષ્પોથી પુજા કર્યા બાદ રન ફોર યુનિટીમાં ભાગ લઈ એકતા અને અખંડિતતાના શપથ લીધા હતા.




### દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર દ્વારા સરદાર પટેલ જયંતિ ઉજવાઈ

૩૧ ઓકટોબર-સરદાર પટેલ જયંતિને દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર દ્વારા અનોખી રીતે ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે કક્ષા-૬ના વિદ્યાર્થીઓએ 'મિલે સુર મેરા તુમ્હારા...' ઐકય ગાન પર વિવિધ વેશભૂષા અને પ્રાદેશિક નૃત્ય સાથે રજૂ કર્યું હતું. આ ઉપરાંત સમગ્ર શાળાના વિદ્યાર્થીઓએ 'રન ફોર યુનિટી' અભિયાન અંતર્ગત મિની મેરેથોનમાં પણ ભાગ લઈને સરદાર સાહેબને અંજલિ આપી હતી અને વિદ્યાર્થીએ એકતા તથા અખંડિતતા માટે પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય અતનુ રથે વિદ્યાર્થીઓને સરદાર પટેલ જેવી દઢ નિશ્ચયતા અને રાષ્ટ્રભકિતની ભાવનાને દરેક વિદ્યાર્થીએ ઉજાગર કરવી જોઈએ તેમ જણાવીને આભારવિધિ કરી હતી.

### ચેખલારણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી નવનિર્મિત મકાનના ઉદ્ઘાટન સમારોહ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચેખલારણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના નવનિર્મિત મકાનના ઉદ્ઘાટન જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ શ્રીમતી મંગીબેન શનાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સમારોહ યોજાયો હતો. જેમાં ગાંધીનગર મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, ઉત્તર ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, સહકારી આગેવાન લાલભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ન્યુ વાવોલમાં સ્ટ્રીટલાઈટના અજવાળાની રાહ જોતા વસાહતીઓ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામનો વિકાસ રોકેટ ગતિ થવા પામ્યો છે. ન્યું વાવોલમાં સૌથી વધુ સોસાયટીઓ બનતા વસાહતીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. વાવોલ ઉવારસદ માર્ગ પર પણ અનેક સોસાયટીઓ નિર્માણ પામી હતી. જેથી આ માર્ગ વાહનોથી ધમધમતો બની ગયો છે. પરંતુ સાંજ ઢળતા જ આ માર્ગ પર નિરવ શાંતિ છવાઈ જાય છે. રાત્રીના અંધકારમાં કોઈ બાળક કે મહિલા ઘરની બહાર નીકળવાનું પસંદ કરતી નથી. જયારે રાત્રીના અંધકારમાં ચોરીનો ભય વસાહતીઓને સતાવી રહ્યો છે. તો બીજી તરફ રાત્રીના અંધકારને પગલે અઘટીત ઘટનાઓ પણ બનવાની શક્યતાઓ વધી જવા પામી છે. વાહનોની સતત અવરજવરને પગલે માર્ગ અકસ્માતની સંખ્યા પણ સવિશેષ વધી ગઈ છે. ત્યારે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ સમક્ષ સ્ટ્રીટ લાઈટ નવિન નાંખવા માટે અનેકવાર વસાહીતઓએ લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા હજુ સુધી તંત્રના બહેરાકાને આ વાત સંભળાતી નથી. ચોતરફ અંધકારને પગલે ઘરની ચીજવસ્તુ લેવા જવા માટે પણ મહિલાઓએ વિચાર કરવો પડે છે. જયારે સ્ટ્રીટ લાઈટ નાંખવામાં આવે તો નાગરીકોની ચહલ પહલ જોવા મળે તેમજ ચોરી-લુંટનો ભય પણ ઓછો થઈ શકે છે. ત્યારે ગુડા તંત્ર દ્વારા સ્થાનિક નાગરીકોની રજુઆત ધ્યાને રાખીને દિવાળી બાદ ન્યું વાવોલ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ નાંખવાનું કામ શરુ કરે તેવી લાગણી અને માંગણી સાથે વસાહતીઓ રાહ જોઈને બેઠા છે.

### સરદાર સાહેબની વિરાટતમ પ્રતિમાના શિલ્પકાર ડૉ. રામ સુથારનું વડાપ્રધાનના હસ્તે બહુમાન

ગાંધીનગર, તા. ૩૧

સરદાર સરોવર ડેમ કેવડિયા ખાતે સરદાર સાહેબની વિરાટ પ્રતિભાની જેમ વિરાટતમ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સરદાર જયંતિએ આજે રાષ્ટ્રને સમર્પિત કરી હતી.

આ અવસરે સરદાર સાહેબની વિરાટતમ પ્રતિભાના શિલ્પકાર ડૉ. રામ સુથાર અને તેમના પુત્ર અનિલ સુથારનું વડાપ્રધાન નરેન્ભાઈ મોદીના હસ્તે શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડૉ. રામ સુથારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી સહિત અનેક મહાનુભાવોની પ્રતિમાઓને કંડારી છે.

# અડાલજના જિલ્લા મધ્યસ્થ ઔષધ ભંડારની મુલાકાત લેતા ડીડીઓ

## ઔષધ ભંડારના નવિનીકરણ માટેની દરખાસ્ત તૈયાર કરવા આપેલી સૂચના

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ ગઈકાલે જિલ્લાના મધ્યસ્થ ઔષધ ભંડાર અડાલજની મુલાકાત લીધી હતી. તેમણે આ ઔષધ ભંડારના નવિનીકરણ માટેની દરખાસ્ત તૈયાર કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને સુચના આપી છે.

છેલ્લા સાત વર્ષથી જુના મકાનમાં આવેલ આ જિલ્લા મધ્યસ્થ ઔષધ ભંડારની મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આજુબાજુમાં સ્વચ્છતા તેમજ બીજી કેટલીક વહીવટીય સૂચનાઓ પણ આપી હોવાનું જાણવા મળેલ છે.

આ ઔષધ ભંડારનું મકાન અતિ પુરાણુ હોવાથી તેના મરામત માટે વધુ ખર્ચ થાય તેમ હોઈ મકાનનું જ નવીનીકરણ કરવા માટેની દરખાસ્ત તૈયાર કરવા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ લીધેલી આ મુલાકાતમાં તેમણે ત્યાં સુરક્ષા માટેના પણ પગલાં લેવા જણાવ્યુ હતુ તેમજ ત્યાં આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે અને કચેરી જેવુ લાગે તેવુ નવીન મકાન હોવુ જોઈએ તેવો આગ્રહ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લામાં જુના-પુરાણા થયેલા આરોગ્ય કેન્દ્રોની પણ વિગતો તંત્ર પાસે માંગી હોવાનું જાણવા મળેલ છે.

# સરદાર-ઈન્દિરાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૩૧

આજે એક અજબ સંયોગ છે, જ્યારે એક બાજુ ઉછીનું લઈને વાહવાહ કરાવીને માર્કેટિંગ થઈ રહ્યું છે. જ્યારે બીજી તરફ શુદ્ધ અંતઃકરણથી કરેલા દેશ સેવાના કાર્યોને યાદ કરીને દેશના સપૂતોને યાદ કરવામાં આવી રહ્યા છે.



આજે ૩૧મી ઓક્ટોબર એટલે અખંડ ભારતના શિલ્પી એવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મ જયંતિ તથા ભારતની સંસદમાં વિપક્ષી નેતાએ જેમને દુર્ગાનો અવતાર કહ્યા હતાં તેવા ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીની ૩૪મી પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા ભવ્ય સ્મરણાંજલિ અને પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ આજે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને શહેર કોંગ્રેસ પ્રમુખ કૌશિક શાહની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. જેમાં બંને મહાન વિભૂતિઓને યાદ કરીને તેમની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવ્યા હતાં. જે પ્રસંગે પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, પ્રદેશ પ્રવકતા ડો. હિમાંશુ પટેલ, પ્રદેશ મંત્રી બાબુસિંહ ઠાકોર, તાલુકા પ્રમુખ પ્રવિણસિંહ ઠાકોર, જયદીપસિંહ ઠાકોર, એલ.એન. પરમાર, મૂલચંદભાઈ રાઠોડ, તેજાભાઈ રબારી, ભાવેશ દેસાઈ, વિજય સોલંકી, સવિતાબા ડાભી, લલિતાબેન ઠાકોર, મુકેશ મારૂ, અશ્વિન સુહાન, જગતસિંહ ચૌહાણ, વિષ્ણુભાઈ પટેલ સહિત અનેક આગેવાનો-કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સરદાર સાહેબ અને ઈંદિરાજીના ચિંધેલા માર્ગે ચાલીને કોંગ્રેસ પક્ષને મજબૂત બનાવવા સંકલ્પ લીધો હતો.

આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે જણાવ્યુ હતું કે આજે પી.એમ. મોદી કોંગ્રેસનાં નેતા સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરી રહ્યા છે તે સારી બાબત છે પણ સરદાર સાહેબ કોઈ પ્રતિમાના મોહતાજ નથી, તે સ્વયં એટલા ઉંચેરા માનવી છે કે તેમના ચિંધેલા રાહ પર મોદીજી એક પગલું પણ પાડે તોય ઘણું છે. સરદાર સાહેબે દેશને જોડ્યો હતો અને ઈન્દિરાજી ભારતને વૈશ્વિક ઓળખ અપાવીને પલવારમાં પાકિસ્તાનને તોડ્યો હતો. આમ બંને નેતાઓનો જોતો જડે તેમ નથી. ભાજપ કે મોદીજી આવા મહાન નેતાઓના પેંગડામાં પગ નાખવાને બદલે મળેલ સત્તાથી પ્રજા હિતના કાર્યોમાં વધારે ધ્યાન આપે કારણકે દેશની જનતા સાડા ચાર વર્ષથી પીડાઈ રહી છે.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

KALPA-TARU®

POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : mktg@kalpatarupower.com

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter and Half Year ended September 30, 2018**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter Ended September 30, 2018 | Half Year Ended September 30, 2018 | Quarter Ended September 30, 2017 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 157,410 | 289,903 | 122,280 |
| 2 | Net Profit for the period (before tax and exceptional and / or extraordinary items) | 14,017 | 26,471 | 10,656 |
| 3 | Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items). | 14,017 | 26,471 | 10,656 |
| 4 | Net Profit for the period (after exceptional and / or extraordinary items and tax) | 9,137 | 17,241 | 7,149 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 8,857 | 16,411 | 8,131 |
| 6 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 |
| 7 | Other Equity* | | | |
| 8 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | |
| | a) Basic | 5.95 | 11.24 | 4.66 |
| | b) Diluted | 5.95 | 11.24 | 4.66 |

*Other equity for the year ended as at March 31, 2018 was ₹ 2,73,935 Lakhs.

**Notes:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.

2 The Company has adopted Ind AS 115 "Revenue from contract with customer" with effect from April 1, 2018, with a modified retrospective approach. The cumulative effect of initial application of Ind AS 115, has been adjusted in opening retained earnings, which is not material, as permitted by standard. Similar impact on the financial results of the quarter and half year ended September 30, 2018 is not material.

3 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on October 31, 2018. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.

4 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors

**Place : Mumbai**
**Date : October 31, 2018**

**Manish Mohnot**
**Managing Director & CEO**
**DIN:01229696**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:

a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with rahul.shah@kalpatarupower.com quoting your name and folio number.